પાટીદાર સંસ્થા-સરકાર વચ્ચે બેઠક પરિણામ વિહોણી રહી

હાર્દિકના આંદોલનને લઇ કોકડું ગૂંચવાયુ છે : બંને પક્ષે બેઠક સકારાત્મક રહી હોવાનો દાવો : હાર્દિકનો માંગણી ન સંતોષાય ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવા હુંકાર

ગાંધીનગર, તા.૪

પાટીદારોને અનામત અને ખેડૂતોના દેવા માફી માટે છેલ્લા ૧૧ દિવસથી ચાલી રહેલા પાસના કન્વીનર હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનનો મામલો રાજયવ્યાપીને બદલે હવે રાષ્ટ્રવ્યાપી બને તે પહેલાં રાજય સરકારે આજે સમાધાનકારી પ્રયાસો આદર્યા હતા અને તેના ભાગરૂપે આજે પાટીદાર સમાજની છ મુખ્ય સંસ્થાઓના મોવડીઓ સાથે ઉપવાસ આંદોલનને લઇ મહત્વની બેઠક યોજી હતી. જો કે, બે કલાકથી વધુ સમય સુધી ચાલેલી આ બેઠક આખરે પરિણામ વિનાની અને અનિર્ણત રહી હતી. જેને પગલે હાર્દિકના ઉપવાસ આંદોલનનું કોકડું હજુ ગૂંચવાયેલું જ રહ્યું છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે હાર્દિકે ફરી એકવાર હુંકાર કર્યો હતો કે, જયાં સુધી સરકાર દ્વારા માંગણીઓ નહી સંતોષાય ત્યાં સુધી તેના આમરણાંત ઉપવાસ ચાલુ રહેશે. બીજીબાજુ, રાજય સરકાર અને પાટીદાર સંસ્થાઓના મોવડીઓ દ્વારા બેઠક સકારાત્મક હોવાનો દાવો કર્યો હતો પરંતુ વાસ્તવિકતા એ હતી કે, બેઠકનું પરિણામ શૂન્ય રહ્યુ હતું. હાર્દિકના ઉપવાસ આંદોલન બાદ સર્જાયેલી રાજકીય કટોકટી જેવી પરિસ્થિતિનો અંત લાવવા માટે સરકારે પાટીદાર સમાજની છ સંસ્થાઓના મોવડીઓને મધ્યસ્થી બનવા અનુરોધ કરી તેમની સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં મંત્રી સૌરભ પટેલ, કૌશિક પટેલ અને પ્રદિપસિંહ જાડેજા સહિતના સરકારના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા તો, બીજીબાજુ, પાટીદાર સમાજની છ અગ્રણી સંસ્થાઓ- ઉમિયા માતા સંસ્થાન (ઊંઝા), ખોડલધામ (કાગવડ), ઉમિયા માતા મંદિર ટ્રસ્ટ (સિદસર), વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (અમદાવાદ), શ્રી સરદારધામ (અમદાવાદ) અને સમસ્ત પાટીદાર સમાજ (સુરત)ના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. દરમ્યાન વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સી કે પટેલે જણાવ્યું હતું કે, સરકાર સાથે સમાજનાં આગેવાનોની બેઠક થઈ. સમાજનાં મુદ્દાઓને લઈને સરકાર સાથે ચર્ચા થઈ. સરકાર પાટીદાર સમાજનાં મુદ્દાઓને લઈને ચિંતિત છે. સરકારનો અભિગમ સકારાત્મક છે. સરકારને હાર્દિકની પણ ચિંતા છે. હાર્દિકે પોતાની તંદુરસ્તીની ચિંતા કરવી જોઈએ. હાર્દિકે પારણાં કરી લેવાં

● અનુસંધાન પાન-૭ પર

દિગ્ગજો હાર્દિકની મુલાકાતે - ભારતીય જનતા પાર્ટીના બે દિગ્ગજ નેતાઓ પૂર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિંહા અને વરિષ્ઠ સાંસદ શત્રુઘ્ન સિંહા તથા પૂર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતાએ ઉપવાસના ૧૧મા દિને હાર્દિક પટેલની મુલાકાત લીધી હતી... હાર્દિક પટેલના મુદ્દાઓ સાથે સહમતિ વ્યક્ત કરી સમર્થન જાહેર કર્યું હતું. મુલાકાત બાદ શત્રુઘ્ન સિંહાએ પત્રકાર પરિષદ પણ સંબોધી હતી...

હિરાબાના આશિષ લેવા યુ.પી.ના ધારાસભ્ય ગાંધીનગર આવ્યા

ગાંધીનગર, તા. ૪

ઉત્તરપ્રદેશના બેરિયા વિસ્તારમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય સુરેન્દ્રસિંહે ગાંધીનગર આવી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હિરાબાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા.

સુરેન્દ્રસિંહ રજી સપ્ટેમ્બરે ગુજરાતના જામનગર ખાતેના એક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તે સીધા ગાંધીનગર આવ્યા હતા.

સોમવારે સવારે ગાંધીનગર નજીક વડાપ્રધાન મોદીના નિવાસ પર પહોંચી જઈ તેમણે શતાયુ વર્ષીય હિરાબાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા.

તેમણે હિરાબાને યશસ્વી પુત્ર જે દેશના પ્રધાનમંત્રી છે તેમના ઉછેર અને જન્મ માટે અભિનંદન આપ્યા હતા. તેમણે સત્યના માર્ગે આગળ વધવામાં તેમના જેવા અડીખમ યોદ્ધા બનીને ઉભરૂ તેવા આશીષ માગ્યા હતા. હિરાબાએ માથા પર હાથ મુકીને તેમને આશિષ આપ્યા હતા.

ધારાસભ્ય સુરેન્દ્રસિંહે જણાવ્યુ હતુ કે જે સાદગી સાથે પ્રધાનમંત્રીનો પરિવાર અહિ વસે છે તે ખરેખર અનુકરણીય છે.

પૂર્વ કોંગ્રેસી સાંસદ જીવાભાઈ પટેલ અંતે ભાજપમાં જોડાયા

અમદાવાદ, તા.૪

લોકસભા ૨૦૧૯ની ચૂંટણી હવે જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ ગુજરાતમાં રાજકીય ઘટનાક્રમમાં મહ્ત્વના ડેવલપમેન્ટ નોંધાઈ રહ્યા છે.

આવા જ એક ઘટનાક્રમમાં આજે કોંગ્રેસના પૂર્વ સાંસદ અને મોટા નેતા ગણાતા જીવાભાઈ પટેલ આજે કોંગ્રેસનો પંજો છોડીને વિધિવત્ રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા.

અનઅધિકૃત દબાણો અંગે પાંચ દિવસનો સમય આપતી નોટીસ જાહેર કરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના અનઅધિકૃત દબાણોને મામલે આજે મહાનગરપાલિકાએ એક જાહેર નોટીસ જારી કરી છે.

આ નોટીસમાં જણાવાયું છે કે તમામ શહેરોના રોડ પર મિલ્કત ધરાવતા કબ્જેદારો/માલિકોને રોડ તરફ કરવામાં આવેલ બિન પરવાનગીના રહેણાંક, વાણિજય ઔદ્યોગિક કે અન્ય વધારાના બાંધકામો તથા તેનો બિન અધિકૃત વપરાશ આ જાહેર નોટીસ જારી કરાયાના દિન પમાં દૂર કરવાના રહેશે. બાંધકામ સક્ષમ સંસ્થાઓથી મેળવેલ મંજૂરી મૂળ સ્થિતિમાં લાવવાનું રહેશે. ગાંધીનગર મહાનગરપાલિકા શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઈ હેઠળ મળેલ સત્તાઓની રૂએ આપના ખર્ચે તથા જોખમે બાંધકામો મનપા દ્વારા દૂર કરવામાં આવશે.

આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થતાં જ દબાણકારોમાં ફફડાટની લાગણી ઉભી થવા પામી છે. કેટલાકે તો કાનૂન વિદો સાથે પરામર્શ પણ હાથ ધરી દીધો હોવાનું જાણવા મળેલ છે. ખાસ કરીને જે વાણિજય ઝોન નથી ત્યાં બનેલ દુકાનોને સીલ કરવામાં પણ આવી શકે છે. ઘ-રોડ, ચ રોડ તેમજ શહેરના અન્ય મુખ્ય માર્ગો પર થયેલા દબાણો તેમજ શહેરના આંતરિક માર્ગો પર થયેલા દબાણો સામે આગામી દિવસોમાં સઘન અભિયાન હાથ ધરાશે તેમ મનપાના સૂત્રોએ જણાવ્યું છે.

આજે જિલ્લા-તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત કરાશે

ગાંધીનગર તા ૪

જિલ્લા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના ૨૦૧૮ અન્વયે ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શિક્ષક , આચાર્ય, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની શ્રેષ્ઠ પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે. જયારે પસંદગી પામેલા શિક્ષકો તેમજ સ્વચ્છ વિદ્યાલય ૨૦૧૭ ના પુરસ્કારના વિતરણ માટે આજે સે-૨૫ વેદ ઇન્ટરનેશનલ સ્કુલ ખાતે સવારે ૧૧ કલાકે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી ગણપતભાઈ વસાવા, શિક્ષણ સમિતિના ચેરમેન કીર્તીબેન પટેલ , જિલ્લા પંચાયત પ્રમુખ મંગીબેન ચૌધરી, ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, બળદેવજી ઠાકોર, ડો સી જે ચાવડા તેમજ માણસાના ધારાસભ્ય સુરેશ પટેલ હાજરી આપશે. જિલ્લા કલેકટર એસ કે લાંગા, શ્રેષ્ઠ પારિતોષિક પસંદગી સમિતિના અધ્યક્ષ હીતેશ કોચા તેમજ જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડ પણ ઉપસ્થિત રહી શિક્ષકોને પ્રોત્સાહીત કરશે.

આવતીકાલથી "મિશન વિદ્યા"નું બાહ્ય મૂલ્યાંકન

૬ થી ૮ સપ્ટેમ્બર દરમ્યાન મૂલ્યાંકન : જિલ્લામાં મહેસાણા જિલ્લાના ૪૮ બી.આર.સી. આવશે : ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર અને બીઆરસીની ટીમ બનશે : ૩૦ માર્કસનું મૂલ્યાંકન : દરેક તાલુકામથકે કંટ્રોલ રૂમ ઉભો કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

મિશન વિદ્યાની સફળતા માટે શિક્ષણ વિભાગે આગામી ૬ થી ૮ સપ્ટેમ્બર દરમ્યાન મૂલ્યાંકન કરવાનો નિર્ણય કર્યો છે. જિલ્લામાં આ મૂલ્યાંકનની કામગીરી માટે મહેસાણા જિલ્લામાંથી ૪૮ જેટલા બી.આર.સી., સી.આર.સી. આવશે.

૨૬ જુલાઈથી ૩૧ ઓગષ્ટ દરમ્યાન જિલ્લામાં મિશન વિદ્યાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વાંચન-લેખન-ગણનમાં નબળા મળી આવેલા બાળકો માટે આ ખાસ અભિયાન હાથ ધરાયુ હતુ. જેમાં રાજયના સનદી અધિકારીઓ ઉપરાંત જિલ્લાના અધિકારીઓને પણ જોતરવામાં આવ્યા હતા.

આ મિશન વિદ્યાનું હવે ૬ થી ૮ સપ્ટેમ્બર દરમ્યાન બાહ્ય મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. આ બાહ્ય મૂલ્યાંકન ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર અને સી.આર.સી., બી.આર.સી.ની ટીમો દ્વારા કરવામાં આવશે.

આ માટે રાજયના શિક્ષણ વિભાગે એક પત્ર લખી અને ટીમો માટેના રૂટ તૈયાર કરવાના આદેશ આપ્યા છે. જો કે ટીમો તેમની રીતે જ જે તે શાળાએ પહોંચશે. આ માટે ટ્રાન્સપોર્ટની સુવિધા આપવી તો કેવી રીતે આપવી તેને લઈ પત્રમાં મૌન સેવવામાં આવ્યુ છે.

આ માટેની ટીમો પાંચમીએ રાત સુધીમાં જે તે જિલ્લામાં જશે અને ૬ઠ્ઠીએ તેમનો જે તે બી.આર.સી. ભવન પર મોકલવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરના રોડ નં-૩ પર જોખમી વૃક્ષોનુ ટ્રીમીંગ હાથ ધરાયુ

૧૯૨ જેટલા વૃક્ષોને ટ્રીમીંગ કરવામાં આવશે : વિધાનસભાની પાછળના માર્ગ પર પણ ટ્રીમીંગ કરાશે

ગાંધીનગર તા ૪

વનતંત્ર દ્વારા શહેરના માર્ગો આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ શરૂ કરવામાં આવ્યુ છે. અગાઉ વરસાદી દિવસો પુર્વે પણ વનતંત્ર દ્વારા સેકટરોમાં ટ્રીમીંગ કરી ભયજનક ડાળીઓને દુર કરવામાં આવી હતી. જયારે હાલ રોડ નં -૩ અરણ્યભવન તરફના માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. આગામી ૧૫ દિવસ સુધી આ ટ્રીમીંગની કામગીરી ચાલશે ત્યારબાદ વિધાનસભા પાછળના છ માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવાનુ કામ હાથ ધરાશે.

વરસાદી દિવસો દરમિયાન શહેરમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે નાગરના મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાની સફાઇ કરી કલરકોડ મુજબ નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. શહેરમાં અસ્તિત્વ ધરાવતા ઉભા સુકા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. અગાઉ પણ સેકટરોમાં ભયજનક વૃક્ષો કાપવામાં આવ્યા હતા. વરસાદી દિવસો દરમિયાન પણ આવા જોખમી વૃક્ષો જાનલેવા પુરવાર ન થાય તેવા આશયથી સુકા વૃક્ષો દુર કરાયા હતા. જયારે થોડા સમય અગાઉ પણ ૧૩૯ જેટલા સુકા વૃક્ષોનુ વનતંત્ર દ્વારા માર્કીંગ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત હાલ પણ શહેરમાં ટ્રીમીંગીની કામગીરી હાથ ધરવામાં આવી છે. વનતંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો આસાપાસ સ્થિત વૃક્ષોની મોટી અને

● અનુસંધાન પાન-૭ પર

વંદે માતરમ પાર્કના રહીશોએ

પાણીના પ્રશ્ને પાટનગર યોજનામાં હોબાળો મચાવ્યો

છેલ્લા એક સપ્તાહથી પાણી ન આવતુ હોવાનો આક્રોશ : મોટર બળી ગઇ હોવાના લીધે પાણીની સમસ્યા સર્જાઇ : ટેકનિકલ ખામીનુ નિવારણ આવી જતા પાણીનો પ્રશ્ન હલ કરી દેવાયો છે : તંત્ર

ગાંધીનગર તા ૪

શહેરના સે -૨૯ માં સ્થિત વંદે માતરમ પાર્કમાં છેલ્લા એક સપ્તાહથી પાણીની પોકાર ઉઠવા પામી છે. નવ નિર્મિત સરકારી કોલોનીમાં છેલ્લા ઘણાં દિવસોથી પાણી ન આવતા સ્થાનિકો પરેશાન થઇ ગયા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જયારે પાણીની મોટર બળી ગઇ હોવાના લીધે આ સમસ્યા સર્જાઇ હોવાનુ પણ આજે સ્થાનિકોએ રજુઆતમાં જણાંવ્યુ છે. વંદે માતરમ પાર્કના રહેવાસીઓએ આજે પાટનગર યોજના વિભાગમાં આ મામલે ઉગ્ર રજુઆત કરી હતી. જેમાં રહેણાંક બિલ્ડીગની અગાશીમાં મુકાયેલી ટાંકીઓ પણ લીક થતી હોવાનો આક્રોશ સ્થાનિકોએ વ્યકત કર્યો છે. જયારે પાટનગર યોજના ભવનના સુત્રોના જણાંવ્યા મુજબ મોટરનો પ્રશ્ન હલ થઈ જતા પાણીની સમસ્યા ત્વરિત હલ કરી દેવાઈ હોવાનુ પણ જણાંવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧ ફેક્સઃ +૯૧-૭૯-૨૩૨૩૬૪૭૭, વેબસાઇટઃ www.gspcgroup.com ઇમેઇલઃ investors.gspl@gspc.in

નોટિસ

૧. વાર્ષિક સાધારણ સભા :

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૨૦મી (વીસમી) વાર્ષિક સાધારણ સભા **શુક્રવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બપોરે ૩:૩૦ કલાકે** "એસેમ્બલી હોલ", જીએસપીસી ભવન, ઉદ્યોગભવન પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે યોજાશે.

સાધારણ વાર્ષિક સભામાં હાથ ધરવામાં આવનાર સાધારણ અને વિશેષ કામગીરી નક્કી કરતી નોટિસ અને તેની સાથે સંલગ્ન, ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજના કંપનીના ઓડિટેડ નાણાકીય વિવરણો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ડિરેક્ટર્સ અહેવાલ અને તે પરનો ઓડિટર્સનો અહેવાલ જે સભ્યોએ ડિપોઝિટરીઝ / આરએન્ડટીએ / કંપની સાથે પોતાના ઈ-મેઇલ આઈડી રજિસ્ટર કરાવેલા છે, તે સભ્યોને ઈ-મેઇલ મારફતે મોકલવામાં આવ્યા છે. જે સભ્યો એ તેમના ઈ-મેઇલ આઈડી રજિસ્ટર કરાવ્યા નથી / જેમણે ભૌતિક નકલ માટે વિશેષ વિનંતી કરેલ છે તે સભ્યોને કુરિયર મારફતે ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રવાના કરેલ છે.

કૃપા કરીને નોંધ લેશો કે કંપનીનો ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.gspcgroup.com પર "Investors" વિભાગ હેઠળ ઉપલબ્ધ છે. વધુમાં વાર્ષિક સાધારણ સભામાં કરવાના કામકાજને લગતા દસ્તાવેજો કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ અને કોર્પોરેટ ઓફિસમાં કામકાજના કલાકો દરમિયાન નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

૨. એજીએમ અને ડિવિડન્ડની ચુકવણી માટે બુક બંધ :

અહીં એ નોટિસ પણ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ને કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ની સમજૂતીની કલમ ૪૨ સાથે અનુસરતા, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને ટ્રાન્સફર બુક શનિવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮ થી શુક્રવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮ (બંને દિવસ સહિત) ડિવિડન્ડની ચુકવણીના હેતુસર બંધ રહેશે. આગામી વાર્ષિક સાધારણ સભામાં જો ડિવિડન્ડ જાહેર થશે તો શુક્રવાર, ૫ મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ અથવા તે પછી કંપનીના સભ્યોને ચુકવવામાં આવશે, જેમના નામ (એ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ડિપોઝિટરીઝ દ્વારા રજૂ કરવામાં આવતી યાદી મુજબ, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના કામગીરીના કલાકો પૂર્ણ થવાના સમયે લાભાર્થી માલિકો તરીકે હશે; અને (બી) ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે પ્રાપ્ત થયેલા શેરના તમામ માન્ય હસ્તાંતરણની અસર પછી ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કંપનીના સભ્યો તરીકે નોંધાયેલ હશે.

૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે શેર ધરાવવાના કિસ્સામાં તમામ હસ્તાંતરિત દસ્તાવેજો, સરનામું બદલવાની અરજીઓ, બેંકની વિગતો / આદેશો / ઈસીએસ આદેશો, પેન કાર્ડની વિગત કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ, કાર્વી સેલેનિયમ ટાવર બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ગચીબાવલી, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનાકામગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ - ૫૦૦ ૦૦૮ ખાતે મોકલી આપવાના રહેશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ઉપરોક્ત વિગતો સમયસર સભ્યો દ્વારા જે-તે ડિપોઝિટરીને સમયસર મોકલી આપવી.

૩. ઇલેક્ટ્રોનિક પદ્ધતિ મારફતે મતદાન :

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સુધારો કર્યા મુજબ કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ સાથે વાંચ્યા અનુસાર, કંપની તેની ૨૦મી વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં નિશ્ચિત કરાયેલા તમામ ઠરાવો પર મતદાન કરવા તેના સભ્યોને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરીને આનંદ અનુભવે છે. સભ્યો સભાના સ્થળથી અલગ સ્થાનેથી ઈલેક્ટ્રોનિક મતદાન વ્યવસ્થાનો ઉપયોગ કરીને તેમના મતો આપી શકે છે ("દૂરસ્થ ઈ-મતદાન"). કંપનીએ ઈ-મતદાન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ ("CDSL") ની સેવાઓ લીધી છે.

સભ્યોને વિનંતી કે ૨૦મી વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં દર્શાવેલ નોટ્સ વિભાગમાં, આપેલી નોટિસમાં જણાવેલ ઠરાવો પર ઈ-મતદાન કરવા માટે ઈ-વોટિંગ સૂચનાઓ અને વિગતવાર પ્રક્રિયા જોઈ જવી.

કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈઓ અને નિયમો અનુસાર વિગતો નીચે મુજબ છેઃ

- ઈ-મતદાન શરૂ થવાની તારીખ અને સમયઃ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮, મંગળવાર, સવારે ૯.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- ઈ-મતદાન પૂર્ણ થવાની તારીખ અને સમયઃ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર, સાંજે ૫.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- દૂરસ્થ ઈ-મતદાનની કથિત તારીખ અને સમય પછી દૂરસ્થ ઈ-મતદાનની મંજૂરી આપવામાં નહીં આવે.
- ઈ-મતદાનનો અધિકાર મેળવવા માટે કટ-ઓફ ડેટ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ છે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સભ્યો / લાભાર્થી માલિકો તરીકે પત્રકમાં નામ સામેલ હોય તે વ્યક્તિ જ દૂરસ્થ ઈ-મતદાનની સુવિધાનો લાભ મેળવવાને અને સભામાં મતદાન કરવાને પાત્ર બનશે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બેઠકની નોટિસ રવાના થયા પછી કંપનીના સભ્ય બનેલી શેર ધરાવતી કોઈ પણ વ્યક્તિ એજીએમ નોટિસના ભાગ તરીકે ઈ-મતદાનની સૂચના અનુસરીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. એજીએમ નોટિસ સીડીએસએલના પોર્ટલ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે. તેમજ helpdesk.evoting@cdslindia.com પર મેઈલ રિક્વેસ્ટ મોકલીને વધુ માર્ગદર્શન માગી શકે છે. જો સભ્ય સીડીએસએલ સાથે ઈ-વોટિંગ માટે નોંધાયેલ હોય તો તે / તેણી હાલનો યુઝર આઈડી અને પાસવર્ડ દૂરસ્થ ઈ-મતદાન મારફત મત આપવા માટે વાપરી શકશે.
- દૂરસ્થ ઈ-મતદાન દ્વારા મતદાન કરનાર સભ્યો સભામાં હાજરી આપી શકશે, પણ તેમનો મત ફરી આપી નહીં શકે.
- મતદાન માટેની સુવિધા સભામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે અને દૂરસ્થ ઈ-મતદાન દ્વારા તેમનો મત નહીં આપનાર સભામાં હાજર સભ્યો પોલપેપર મારફતે બેઠકમાં મત આપી શકશે.
- ૨૦મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પરના "Investors" વિભાગ હેઠળ અને સીડીએસએલ પોર્ટલ www.evotingindia.com ના ઈ-વોટિંગ વિભાગ પર ઉપલબ્ધ રહેશે.
- ઈલેક્ટ્રોનિક મતદાન સૂચનાઓ માટે સભ્યો, શેરધારકો માટે અવારનવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુ) અને ઈ-મતદાન મેન્યુઅલ જે www.evotingindia.com ના help section પર ઉપલબ્ધ છે તે જોઈ શકશે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ પણ મોકલી શકે છે. કોઈપણ પ્રશ્નો / ઈ-વોટિંગ સંબંધિત ફરિયાદો માટે શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરીઝ સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ, ૨૫મો મોળ,એ વિંગ, મેરેથોન ફ્યુચરેક્સ , મફતલાલ મીલ કમ્પાઉન્ડ, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ) મુંબઈ - ૪૦૦૦૧૩ નો સંપર્ક કરી શકશે અથવા ડેઝિગ્નેટેડ ઈ-મેલ આઈડી helpdesk.evoting@cdslindia.com પર અથવા ૧૮૦૦ ૨૨૫ ૫૩૩ ફોન નં. પર સંપર્ક કરી શકશે.

સભામાં હાજરી આપવાનો અને મતદાન કરવાનો અધિકાર ધરાવતા કોઈ પણ સભ્યો તેમના વતી હાજરી આપવા અને મતદાન કરવા પ્રતિનિધિની નિમણૂક કરવાનો અધિકાર ધરાવે છે અને પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. પ્રતિનિધિની નિમણૂકને માન્યતા આપતો પત્ર કંપનીની કોર્પોરેટ ઓફિસ જીએસપીએલ ભવન, ઈ-૧૮, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૬, ગાંધીનગર - ૩૮૨૦૨૮ પર સભા શરૂ થાય તેના ૪૮ કલાક પહેલાં જમા કરાવવો જોઈએ.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રીના દેસાઈ
કંપની સેક્રેટરી

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૮

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીચેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્ર